અમદાવાદના મે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૫ માં, મુ.
અમદાવાદ.

ફોજદારી ક્રિ.કેસ નં. 78892/2018

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી : ઈકબાલ મીયાણા

**ગુનો : ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૬(૧)(બી),૮૫(૧) તથા જી.પી.એકટની કલમ ૧૧૦, ૧૧૭ વિગેરે મુજબ**

---

—: ચુ કા દો :—

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૬(૧)(બી),૮૫(૧)(૩) વિગેરે મુજબના શિક્ષપાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ધ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલું છે.

(૨) આરોપીને કોર્ટ રુબરુ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે આપ્યાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપી વિરૂધ્ધ ચાર્જ ફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આરોપી સદરહું ગુનાના કબુલાત પુરસીસ આપી તેમાં જાહેર કરેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ સામાન્ય અને ગરીબ વર્ગના ઈસમ છે, તેઓનો કોઈ સ્થિર ધંધો નથી અને છુટક મજુરી કામ કરે છે અને મજુરી પણ રોજ મળતી નથી, જેથી તેઓ પોતાનું તેમજ પોતાના કંટુંબનું ગુજરાન કરી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી અને આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાને કારણે હાલનો ગુનો થઈ ગયેલ છે, તેઓએ દારૂ પીધેલી હાલતમાં કોઈ ઉપદ્રવ કરેલ નથી, ઝઘડો કરેલ નથી, અસભ્ય વર્તન કરેલ નથી, અશિસ્ત ભાષા વાપરેલ નથી, કે મારા મારી કરેલ નથી, આ મુજબનો તેઓ ઉપર આક્ષેપ પણ નથી, ચાર્જશીટ નં.૫ માં જણાવ્યા મુજબ વગર પાસ પરમીટે દારૂ પીધેલી હાલતમાં છાકટા બની લથડીયા ખાતા મળી આવેલાનો આક્ષેપ છે, તેઓની આર્થિક પરિસ્થિતિ સારી નહી હોઈ ઉપરાંત રોજગારી પણ નહી હોઈ ટ્રાયલ ચાલતા દરમ્યાન તેઓએ અવાર નવાર આવવાની જરૂર પડે, ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરિયાત રહે, તેઓને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય, જે તમામ હકીકતો ધ્યાનમાં લઈ તેઓનો પ્રથમ ગુનો હોઈ તેઓ પોતાની ભૂલ સુધારવા માંગતા હોઈ તેમજ કોર્ટની કાર્યવાહીનો સમય અને નાંણાનો વ્યય થતો અટકાવવાના ઉદ્દેશથી વિનમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારેલ છે.

(૩.૧) આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૪) તમામ રેકર્ડ ઉપરની હકીકતો લક્ષ્યમાં લેતા વગર પાસ પરમીટે છાકટા બની લથડીયા ખાતો હોવા સંદર્ભ નો આક્ષેપ આરોપી વિરૂધ્ધ છે. આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે, દારૂ પીધેલી હાલતમાં કોઈની સાથે ઉપદ્રવ કરી, ઝઘડો કરી, અસભ્ય વર્તન કરી, અશિસ્ત ભાષા વાપરી કે મારા મારી કરેલી. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામના ફરિયાદી, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકારી, ડોકટર સાહેદ અને સરકારી અધિકારી ત.ક.અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ પર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાન સમયમાં કોર્ટમાં પેન્ડિંગ કેસોની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષ્યમાં લેતા ટૂંક સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને

કેસ ફેસલ થવાની સંભાવના નહિવત છે. આરોપીનો સમય, ફરિયાદપક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય ને ટ્રાયલને અંતે આરોપી કસુરવાન ઠરે ત્યારે સજા અંગે ન્યાયિક હુકમ કરવામાં આવે, તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલ છે ત્યારે તેઓની ગુના કબુલાત સંદર્ભે રજુ કરેલ હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં સદઉપયોગ કરી શકાય તેમ હોઈ તેમજ આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતા હોય ત્યારે રેકર્ડ પર આવેલ તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ તેમજ ગુજરાત રાજય વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: **હુ ક મ** ::–

આ કામનાં આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨૪૧ અન્વયે તકસીરવાન ઠરાવીને આરોપીને ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી),૮૫(૧) (૩) મુજબના ગુના બદલ કોર્ટ ઉઠતાં સુધીની સજા તથા રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૧૦,૧૧૭ મુજબના ગુનાના કામે રૂા.૧૦૦/–(અંકે રૂા. એકસો પુરા) એમ કુલ મળીને રૂા.૬૦૦/–(અંકે રૂપિયા છસો પુરા) દંડનો હુકમ કરવામાં આવે છે.વધુમાં જો આરોપી દંડ ન ભરે તો દિન– ૧૨(બાર) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

**અમદાવાદ.**
**તા.૧૨/૦૩/૨૦૨૨**

**(ડૉ.આર.એન.કરનાની)**
**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ**
**કોર્ટ નં.૧૫, અમદાવાદ**
**કોડ નં.જીજે૦૧૦૮૦**